BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

**વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં સેમ.-૧ માં એનરોલમેન્ટ થયેલ ના હોય તેવા યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ. સેમ.-૧ ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.** (યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ.સેમ.-૧ માં રીપીટર/A.T.K.T. વાળા વિદ્યાર્થીઓ માટે)

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તેમજ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર **યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ. સેમ.-૧** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે. (**પરીક્ષા ફોર્મની એન્ટ્રી જુના સોફ્ટવેરમાં કરવાની રહેશે. જેની લિંક આ મુજબ છે -** https://bknmu.gipl.net )

**[પરીક્ષા ફોર્મ ફી, અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ પર તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ મુકવામાં આવેલ પરીપત્ર મુજબ રહેશે.]**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ. સેમ.-૧ | તા.૨૧/૧૧/૨૦૨૨ થી તા.૨૯/૧૧/૨૦૨૨ | તા.30/૧૧/૨૦૨૨ | તા.0૧/૧૨/૨૦૨૨ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફ્ટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી * ૨(બે)] ભરી ફોર્મ ભરવાનું રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી “ **રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ** ” ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી, જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે. [વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે]
3. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.

**શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ માં યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ. સેમ.-૧ માં નવા સોફ્ટવેરમાં એનરોલમેન્ટ થયેલ વિદ્યાર્થીઓ કે જેઓના એનરોલમેન્ટ નંબર જનરેટ થયેલ છે તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરીને કોલેજે પોતાની પાસે રાખવાના રહેશે, જ્યારે યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન પરીક્ષા ફોર્મ ભરવા અંગેની તારીખ જાહેર કરવામાં આવે તે દરમિયાન નવા સોફ્ટવેરમાં કોલેજ કક્ષાએથી પરીક્ષા ફોર્મ ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.**

**યુ.જી./પી.જી./એલએલ.બી./બી.એડ. સેમ.-૧ ની પરીક્ષા શરૂ થવાની સંભવિત તારીખ ડિસેમ્બર/જાન્યુઆરી રહેશે.**

ડી.ડી.એમ. ચુડાસમા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૨૮/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૯/૧૧/૨૦૨૨

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે) (૩) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)

સરકારી પોલિટેકનિક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત), ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh - 362263 ( Gujarat ) Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh